ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૫.૦ ડીગ્રી
લઘુતમ : ૧૮.૫ ડીગ્રી
ભેજ
સવારે ૨૭ ટકા ● સાંજે ૧૪ ટકા

# શહેરમાં એક સપ્તાહમાં કુતરા કરડ્યાના ૭૬ બનાવ

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર શહેરમાં અત્યારે હાલ દિવસ કે રાત્રી દરમિયાન કોઈપણના ઘરે જવું હિતાવત નથી તેવું ચિત્ર ઉપસી રહ્યું હોય તેવું લાગી રહ્યું છે. ગાંધીનગર શહેરની ગલીઓમાં તેમજ શેરીઓમાં રખડતા કુતરા કરડવાના કેસમાં ચિંતાજનક વધારો નોંધાયો છે. ગત તા.૬ થી ૧૨ માર્ચ દરમિયાન કુતરાએ બટકુ ભર્યાના ૭૬ કેસ નોંધાયા છે. નાના બાળકથી લઈને વડિલોનો પણ સમાવશે થાય છે. જેથી હડકવા ન ઉપડે માટે નાગરીકોને રસી લેવાની ફરજ પડી છે. ત્યારે હોસ્પિટલમાં હડકવાની રસી મેળવવા માટે પણ દર્દીઓનો ભારે ધસારો રહે છે.

ગાંધીનગર શહેરના સેકટરોમાં તેમજ શરીઓમાં રહેતા સગા-વ્હાલા, સ્નેહીજનો તેમજ મિત્રોના ઘરે જતા પહેલા તમારા ઘરની આસપાસ કુતરા તો નથી ને...? તેવું પુછીને જવું પડે તેવી સ્થિતિ નિર્માણ પામી છે. શહેરમાં રખડતા તેમજ ભટકતા કુતરાઓ ગમે ત્યારે નાગરીકોને ટાર્ગેટ કરે છે. શહેરમાં દિવસ કે રાત્રીના સમયે અજાણ્યા શખ્સ કે મહિલાઓને જોઈને નિશાન બનાવે છે. જયારે કેટલાક વિસ્તારમાં કુતરુ હડકાયુ થતા આસપાસના વિસ્તારમાં હાહાકાર મચાવે છે. કુતરા કરડતા ગાંધીનગર શહેરમાં રસી લેવા માટે દર્દીઓનો ભારે ધસારો જોવા મળે છે. કુતરું કરડતા ચાર ઈન્જેકશનનો કોર્સ હોવાથી તે લેવા માટે દર્દીઓ હોસ્પિટલમાં લાઈન લગાવે છે. જયારે શહેરમાં અત્યારના સમયે ઘર કે આસપાસમાં રખડતા કુતરા હોય તો તેનાથી નાના બાળકોએ તેમજ નાગરીકોએ પણ સાવચેતી રાખવાની જરૂર છે. ત્યારે શહેરમાં ગત સપ્તાહમાં તા.૬ થી ૧૨ માર્ચ દરમિયાન સિવિલ હોસ્પિટલમાં કુતરાએ બચકુ ભર્યાના ૭૬ કેસ નોંધાયા છે.

# બીબીએના વિદ્યાર્થીઓએ દિવ્યાંગ બાળકોના ચહેરા પર સ્મિત રેલાવ્યુ





ગાંધીનગર, તા.૧૫

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંચાલિત બી.પી.કૉલેજ ઓફ બિઝનેશ એડ્મિનિસ્ટ્રેશન(બી.બી.એ)ના તૃતીય વર્ષના ૧૫ વિદ્યાર્થીઓ દ્વારા ગાંધીનગર સ્થિત સમર્પણ મૂક બધીર શિશુ વિધામંદિરની મુલાકાત લઈ તેઓને રમત-ગમતના સાધનો અર્પણ કર્યા હતા. અભ્યાસની સાથે સાથે સમાજ સેવાના આ ઉમદા કાર્યને વિદ્યાર્થીઓએ કર્યુ હતું. વિદ્યાર્થીઓ દ્વારા તેમને સ્વખર્ચ માટે મળેલ નાણામાંથી આ ઉમદા કાર્ય માટે નાણા બચાવી વિદ્યાર્થીઓ માટે રમત ગમતના સાધનોની ખરીદી દાન કરી પ્રસંશનીય ઉદાહરણ પુરું પાડયું હતું.

વિદ્યાર્થીઓ દ્વારા કેરમબોર્ડ, ફૂલ રેકેટના બે સેટ તેમજ ચેસ, વોલીબોલ, બોર્ડગેમ, રીંગ ટોસ, ડીસ ગેમ, બ્લોક ગેમ, એમીટ જેવા રમત ગમતના સાધનો વિદ્યાર્થીઓ દ્વારા આર્પણ કરવામાં આવ્યા હતા. મુક બધીર વિદ્યાર્થીઓને આ સાધનો મળ્યા ત્યારે તેમને ચહેરા ઉપર એક અનેરી ખુશી જોવા મળી હતી. બીબીએના વિદ્યાર્થીઓએ આ મુકબધિર વિદ્યાર્થીઓને તેઓની સાથે જુદી જુદી રમત રમી તેઓને પ્રફ્ફુલિત કરવાની કોશિશ કરી હતી. તેમજ આ સમગ્ર પ્રવૃત્તિથી તેઓને ખુબ આનંદ થયો હતો. તેમજ ભવિષ્યમાં પણ અહીં આ મુકબધીર બંધુઓની મુલાકાત લેવા આવશે તેમ જણાવ્યું હતું.

કોલેજના આચાર્ય ડૉ. રમાકાન્ત પૃષ્ટી દ્વારા વિદ્યાર્થીઓના આ કાર્યને બિરદાવવામાં આવ્યું હતું. સેમ- ૬ના તમામ ચાર વર્ગના વિદ્યાર્થીઓ દ્વારા સમગ્ર ઉમદા કાર્ય માટે પોતાનો યથા યોગ્ય ફાળો આપવામાં આવ્યો હતો. સેમ—૬ના મેન્ટર પ્રો. અમિતા પ્રજાપતિ, પ્રો. નીરવ જોશી, પ્રો.માર્ગી દેસાઈ તેમજ પ્રો. પ્રજ્ઞેશ નવલખા દ્વારા વિદ્યાર્થીઓને આ બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.



આજ રોજ બોર્ડની પરીક્ષા પૂર્વે પરીક્ષા આપતા ધો-૧૦ અને ધો-૧૨ના વિદ્યાર્થીઓને સારા શુકન માટે વોર્ડ નં. ૧ના કોર્પોરેટર શ્રીમતી બરખાબેન જહા દ્વારા આરાધના વિદ્યા મંદિર તથા વસંતકુંવરબા સ્કુલ સેકટર-૨૮માં જઈ વિદ્યાર્થીઓન પુષ્પ આપી તથા મોઢું મીઠું કરાવી પરીક્ષામાં સફળતા મેળવે તેવી શુભકામનાઓ પાઠવી પરીક્ષાનો પ્રારંભ કરાવ્યો હતો.



ગાંધીનગર શહેરના ચ માર્ગ પર જિલ્લા પંચાયત પાસે ટર્નીગ પોઈન્ટ પાસે ધસમસતી આવી રહેલી એક સ્વીફ્ટ કારના ચાલકે ચ માર્ગ પસાર કરતી રીક્ષાને અડફેટે લીધી હતી. આ અકસ્માત બાદ કાર ચાલકે કાબુ ગુમાવતા કાર ડિવાઈડર પર ચડી ગઈ હતી. જયારે સદનસીબે રીક્ષામાં સવાર મુસાફરોનો આબાદ બચાવ થયો હતો. ચ માર્ગ પર અકસ્માત સર્જાતા વાહનચાલકોના ટોળેટોળા ઉમટ્યા હતા. જયારે કાર અને રીક્ષાને ભારે નુકશાન થવા પામ્યું હતું.

# ધો-૧માં પ્રવેશ માટેની વય મર્યાદામાં છુટ આપવા માંગ

**તા. ૧લી જુન ૨૦૧૭ના રોજ પાંચ વર્ષ પુરા થતા હોય તેવા બાળકોને જ પ્રવેશ અપાય છે**
**જુન માસમાં જ પાંચ વર્ષ પુરા થતા બાળકોનું એક આખું વર્ષ બગડશે**

ગાંધીનગર, તા.૧૫

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા નોન ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓમાં જરૂરિયાતમંદ અને વંચિત જુથના આર્થિક રીતે નબળા જવાની સમસ્યા ઉભી થઈ રહી છે. આથી આ યોજનામાં એક માસની છુટછાટ દાખલ કરવામાં આવે તેવી વાલીઓમાં માંગ ઉભી થવા પામી છે.

સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત

## જન્મ તારીખ મર્યાદા ૩૦મી જુન ૨૦૧૨ કરવી જોઈએ

ધો-૧માં પ્રવેશ માટે તા. ૧લી જુન ૨૦૧૭ના રોજ બાળકના પાંચ વર્ષ પુરા થવા ફરજિયાત છે. પરંતુ અનેક બાળકોને તા. ૩૦મી જુન ૨૦૧૭ સુધીમાં પાંચ વર્ષ પુરા થઈ રહ્યા છે. જો એક માસની છુટ સાથે એટલે કે તા. ૩૦મી જુન ૨૦૧૨ સુધીની જન્મતારીખ ધરાવતા બાળકોને પ્રવેશની છૂટ અપાય તો માત્ર એક માસના તફાવતા ધરાવતા બાળકોને એક આખું વર્ષ પાછળ ન પડવું પડે.

પરિવારના બાળકો માટે ૨૫ ટકા જગ્યાઓ પર પ્રવેશની યોજના અમલી બનાવી છે. જો કે આ યોજનામાં મુકવામાં આવેલ ધો-૧માં ૫ વર્ષની ઉંમરની શરતમાં કોઈ છુટછાટ ન હોવાથી જુન માસમાં ૧લી તારીખ પછી પુરા થતા પાંચ વર્ષની વય ધરાવતા બાળકોને એક આખુ વર્ષ પાછળ પડી તમામ બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણના અધિકાર ૨૦૦૯ અન્વયે નોન ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓમાં પણ આર્થિક રીતે નબળા બાળકો માટે ૨૫ ટકા જગ્યાઓ પર જુન ૨૦૧૭થી ધોરણ-૧માં પ્રવેશ આપવાની યોજના અમલી બનાવી છે જેને આવકારદાયક પ્રતિભાવ સાંપડી રહ્યો છે. જો કે આ યોજનામાં સરકારે એક આકરી શરત મુકી છે જે મુજબ તા. ૧લી જુન ૨૦૧૭ના રોજ બાળકોને પાંચ વર્ષ પુરા થયેલા હોવા ફરજિયાત છે. આ શરતને કારણે ૧લી જૂન પછી તા. ૩૦મી જુન ૨૦૧૭ સુધીમાં જે બાળકોને પાંચ વર્ષ પુરા થતા હોય તેવા બાળકોના પ્રવેશ ફોર્મ સ્વિકારવામાં આવતા નથી. આ કારણે આ બાળકોને માત્ર એક માસથી ઓછા ગાળના તફાવત માટે પણ એક આખું વર્ષ બેસી રહેવું પડશે જેના કારણે આ બાળકોના વાલીઓમાં નિરાશા વ્યાપી જવા પામી છે. વાલીઓની આ તબક્કે માંગ છે કે જો સરકાર આ નિયમમાં એક માસની એટલે કે તા. ૩૦ જુન સુધીની છુટ આપે તો આ બાળકોનું એક વર્ષ ના બગડે. ફોર્મ ભરવાની છેલ્લી તા. ૧૫મી માર્ચ ૨૦૧૭ હતી તો શિક્ષણ વિભાગે ઉપરોકત સુધારા સાથે આ તારીખ લંબાવવી જોઈએ તેવી માંગ વાલીઓમાં ઉઠવા પામી છે.

# નામાના મુળતત્વોનું બોગસ પેપર વોટસએપ પર ફરતું કરનાર સામે પોલીસ તપાસ

**ગુ.મા.ઉ.મા.શિક્ષણ બોર્ડના સચિવે સે-૭ પોલીસ સ્ટેશને ફરિયાદ આપી**

ગાંધીનગર, તા.૧૫

સમગ્ર ગુજરાતભરમાં આજથી ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડ પરિક્ષાનો પ્રારંભ થયો છે. લાખો વિદ્યાર્થી ભાઈ-બહેનો પરિક્ષા આપી રહ્યા છે. ત્યારે વિદ્યાર્થીઓનું મોરલ તોડાય તેવી હિન પ્રવૃતિ કેટલાક ઈસમો કરી રહ્યા છે. પરિક્ષાના છેલ્લા સમયે વોટસએપ પર બોગસ પેપર ફરતુ કરી દેવાતા વિદ્યાર્થીઓ અને વાલીઓ ચિંતાગ્રસ્ત બની જાય છે. ત્યારે આજે પ્રથમ દિવસે જ નામાના મુળતત્વો વિષયનું ધોરણ-૧૨ નું પેપર વોટ્સએપ પર ફરતુ થયું હતું. પેપર ફરતુ થયાના સમાચાર બોર્ડના અધિકારીઓને પણ મળ્યા હતા. ત્યારે ધો-૧૨ અમદાવાદના ઝોનલ અધિકારીના મોબાઈલ પર પણ બોગસ પેપરનો ફોટોગ્રાફ આવતા તેમણે બોર્ડના સચિવનું ધ્યાન દોર્યુ હતું. જેને અનુલક્ષી બોર્ડના સચિવે વોટસએપ ફરતા થયેલુ પેપર અને બોર્ડના પેપરના પ્રશ્નપત્રની નકલ સાથેઅરજી કરીને સેકટર-૭પોલીસને ફરિયાદ આપી છે. જેને અનુલક્ષી વોટસએપ પર બોગસ પેપર ફરતુ કરનાર સામે પોલીસ તપાસ કરશે. પરિક્ષાના છેલ્લા સમયે આવા બોગસ પેપર ફરતુ કરનાર તત્વો વિદ્યાર્થીઓ અને વાલીઓ તણાવ ઉભો કરે છે. ત્યારે આવા તત્વો સામે બોર્ડ સચિવે ફરિયાદ કરતા પોલીસે તપાસ શરુ કરી છે.



તાલુકાના ચિલોડા સ્થિત શ્રી સ્વામિનારાયણ પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા ૪૦૦ વિદ્યાર્થીઓએ વિધાનસભાની મુલાકાત લઈને ગૃહની કાર્યવાહી નિહાળી હતી. શાળાના આચાર્ય માનસિંહ જી. ચૌધરી, એમ.એમ. દેસાઈ, નિલેશ પટેલ તથા શાળાના નિયામક પુરુષોત્તમભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ આયોજન કર્યુ હતું. વિધાનસભાની મુલાકાત બાદ ઈન્દ્રોડા પાર્કની પણ મુલાકાત લીધી હતી. બાળકોને શૈક્ષણિક પ્રવાસની મોજ પડતા આનંદીત થઈ ગયા હતા.

# ‘સલામત હોળી’ માટે યુવા અનસ્ટોપેબલનો પ્રયાસ

**હોળીના દિવસે સાંજે ઘ-૪ સર્કલે ૫૦૦થી વધુ લીંબુ શરબતનું નિઃશુલ્ક વિતરણ કર્યું : કેન્દ્રિય મંત્રી પુરુષોત્તમ રૂપાલાએ મુલાકાત લઈ બિરદાવ્યા**

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગરમાં યુવાનોએ હોળી-ધુળેટીના પર્વને ખૂબ જ હર્ષોલ્લાસથી ઉજવ્યું હતું. આ પર્વમાં છેલ્લા કેટલાક વર્ષોથી કેમિકલયુકત રંગો તથા બિનઆરોગ્યપ્રદ રીતે રમાતી હોળી સાથે બેજવાબદાર મોજ-મસ્તીનો ઉમેરો થવાથી અકસ્માત અને ઝઘડા વગેરેનું પ્રમાણ વધી જવા પામ્યું છે. જો કે ગાંધીનગરના કેટલાક યુવાનો દ્વારા આ વર્ષે ‘સલામત હોળી’ રમવા માટે નગરજનોને વિના મૂલ્યે લીંબુ શરબત પીવડાવી અનુરોધ કરવાનો અનોખો પ્રયોગ હાથ ધર્યો હતો. આ પ્રયોગને કેન્દ્રિય મંત્રી પુરુષોત્તમ રૂપાલાએ ઉપસ્થિત રહી બિરદાવતા યુવાનોનો ઉત્સાહ બેવડો થઈ જવા પામ્યો હતો.

‘યુવા અનસ્ટોપેબલ’ નામથી શહેરના કેટલાક યુવાનો ગાંધીનગરમાં વિવિધ સેવાકીય તથા રચનાત્મક પ્રવૃત્તિ કરી રહ્યાં છે. આ ગૃપના યુવાનો સમાજસેવા સાથે અવનવા કિમિયા દ્વારા વિવિધ મુદ્દે સમાજને જાગૃત કરવાનો પણ પ્રયાસ કરે છે. આ વખતે હોળીના પર્વને અનુલક્ષીને ‘યુવા અનસ્ટોબેલ’ દ્વારા અનોખી



ગાંધીગીરી કરવામાં આવી હતી. આ યુવાનોએ તા. ૧૨મી માર્ચ રવિવારે હોળીના દિવસે સાંજે ૫ વાગ્યાથી શહેરની મધ્યમાં ઘ-૪ સર્કલ પાસે એક રિફ્રેશમેન્ટ સ્ટોલ ઉભો કર્યો હતો. આ રિફ્રેશમેન્ટ સ્ટોલ પર ગૃપના સ્વયંસેવકોએ ૫૦૦થી વધુ ગ્લાસ લીંબુ શરબતનું વિના મૂલ્યે વિતરણ કર્યુ હતું. નગરજનોને લીંબુ શરબત પીવડાવાની સાથે યુવાનોએ ધૂળેટીમાં કેમિકલયુકત રંગોના બદલે હાયજેનિક રંગોનો ઉપયોગ કરવા અનુરોધ કર્યો હતો. આ સાથે તેમણે નાગરિકોને કોઈને નુકશાન ન થાય તે રીતે ‘સલામત હોળી’ રમવા તકેદારી રાખવા વિનંતી કરી હતી.

રાજયસભાના સાંસદ અને કેન્દ્રિય મંત્રી પુરુષોત્તમ રૂપાલાએ આ રિફ્રેશમેન્ટ સ્ટોલની મુલાકાત લીધી હતી. અહીં તેમણે લીંબુ શરબત પી યુવાનોની અનોખી પહેલને બિરદાવી હતી તેમના પ્રોત્સાહક પ્રતિભાવના કારણે યુવાનોમાં ઉત્સાહની લહેર ફરી વળી હતી. યુવા અનસ્ટોપેબલના રિફ્રેશમેન્ટ સ્ટોલની મુલાકાત લેનાર નાગરિકોએ પણ યુવાનોના પ્રયાસને બિરદાવી ‘સલામત હોળી’ રમવાની ખાતરી આપી હતી.

## આઈ લવ માય ગાંધીનગર



**અશોકભાઈ પરમાર**
**મહામંત્રી, પ્રવાસન નિગમ કર્મચારી મંડળી અને ટ્રસ્ટી સૌરાષ્ટ્ર કચ્છ સમાજસેવા**

**ગાંધીનગર ગમે**

સુઆયોજિત નગર વ્યવસ્થા, સરસ રસ્તા, હરિયાળું અને સુંદર વાતાવરણ, શિક્ષિત અને સંસ્કારી સમાજના કારણે ગાંધીનગર મને ખૂબ ગમે છે.

**નગરજનો**

અહીં બીજાના માટે જીવતા નગરજનોને પ્રણામ છે પરંતુ તેના કરતાં પોતાના માટે જીવતો સમૂહ વધુ છે તેનું દુખ છે. ભગવાન સૌને સદ્‌બુદ્ધિ આપે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

શહેરમાં થતી સાંસ્કૃતિક અને સેવાકીય પ્રવૃત્તિઓથી પરમાનંદ અને ગૌરવની લાગણી થાય છે. સૌરાષ્ટ્ર કચ્છ સમાજસેવાની ઉગતા કલાકારોને પ્રોત્સાહિત કરી સાંસ્કૃતિક કાર્યો કરવાની અને અવિરત સેવા પ્રવૃત્તિથી ખૂબ પ્રભાવિત છું. ૨૪ કલાક કાર્યરત જુનિયર સિટિઝન કાઉન્સિલની સેવા પ્રવૃત્તિ એ મૃત્યુ પછી મોક્ષ પ્રાપ્ત કરવાનું ઉત્તમ કર્મકાર્ય છે.

**નગરને બહેતર બનાવવા**

સ્વચ્છતા બાબતે જનજાગૃતિ ખૂબ જ જરૂરી છે. નવી પેઢી ન માત્ર સંવેદનશીલતા પરંતુ સૌજન્યતાથી પણ દૂર થઈ રહી છે તે બાબત ચિંતાનો વિષય છે.

**નગર માટે હું કરી શકું**

નગરનું ઋણ ચૂકવવા સેવાકીય કાર્યો માટે મારું યોગદાન આપવા સતત તત્પર છું ને રહીશ.

# નૂતન સંજીવની સાધના સત્ર ગાયત્રી પીઠ ગાંધીનગરમાં ૨૮મીથી આરંભાશે

ગાંધીનગર, તા.૧૫

ગાયત્રી શકિતપીઠ સેકટર-૧ ગાંધીનગર ખાતે તા. ૨૮મી માર્ચથી તા.૫મી એપ્રિલ સુધી (ચૈત્રી નવરાત્રિ) શાંતિકુંજ હરિદ્વારની પ્રેરણાથી નૂતન સંજીવની સાધના સત્રનું આયોજન કરવામાં આવેલ છે.

નૂતન સંજીવની સાધના સત્ર પ્રાતઃ કાળે સવારે ૪ વાગ્યાથી પ્રાર્થના, જાગરણ આત્મબોધથી શરૂ થશે. સવારે સવા દસ વાગ્યા સુધી ચાલશે. બપોરે ભ્રામરી પ્રાણાયામ સાધના, ભોજન વિરામ યોજાશે.

બપોરે અઢી વાગે અનુલોમ વિલોમ પ્રાણાયામ યોજાશે. સાંજે પાંચ વાગ્યાથી રાત્રિના નવ વાગ્યા સુધી વિવિધ પ્રાણાયામના કાર્યક્રમો યોજાશે.

વધુમાં વધુ ભાવિકજનો નામ રજીસ્ટ્રેશન કરાવે તે માટે ગાયત્રી પરીવાર ટ્રસ્ટ અથાગ પ્રયત્ન કરી રહેલ છે. આ સત્ર દરમિયાન સાધકોએ ફરજિયાત રોકાણ ગાયત્રી શકિતપીઠમાં કરવાનું રહેશે. સત્ર દરમિયાન સાત્વિક આહાર સાધકોને નિઃશુલ્ક આપવામાં આવશે. ભારતીય પોષાકમાં સાધકોએ આવવાનું રહેશે. ભાઈઓ માટે ધોતી-ઝભ્ભો, બહેનો માટે સાડી ફરજિયાત છે. વધુ માહિતી માટે ગાયત્રી શકિતપીઠનો સંપર્ક સાધવા જણાવેલ છે.

## @ગાંધીનગર

● જાખોરા ગામમાં નિર્માણ પામેલ સંસ્કાર ધામની મૂર્તિઓનો પાટોત્સવ પૂજન વિધિ સવારે ૮.૩૦ થી ૧૦.૩૦ કલાક દરમિયાન યોજાશે. ભોજન પ્રસાદનો સમય સવાર ૧૧ થી ૧૨ દરમિયાન રહેશે.

## વાતવાતમાં

● ધો-૧૦ અને ધો-૧૨ની બોર્ડની પરીક્ષાઓનો પ્રારંભ થઈ ચુકયો છે. જો કે દર વર્ષે પરીક્ષા કેન્દ્રો પર વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેતા હોય છે પરંતુ આ વર્ષે નોંધપાત્ર રીતે વાલીઓની ભીડ ઓછી જોવા મળી હતી.

● વિદ્યાર્થીઓને કેટલાક પરીક્ષા કેન્દ્રો પર પીવાના પાણી સેવા પરીક્ષા ખંડમાં પુરી પાડવામાં નહોતી આવી તેવી ફરિયાદ વાલીઓ પેપર પત્યા બાદ કરતા જોવા મળ્યા હતા. કુલ સવા ત્રણ કલાક ચાલતા પેપરના સમયમાં વિદ્યાર્થીઓને આ મૌસમમાં પાણી પીવાની જરૂરિયાત ઉભી થાય તે સ્વાભાવિક છે.

● ગાંધીનગરમાં ઉદ્યોગભવનનું વિશાળકાય બિલ્ડીંગ હવે નવા રંગરૂપમાં જોવા મળી રહ્યું છે. અગાઉ જે પથ્થરિયા રંગમાં હતું તે ઉદ્યોગ ભવનને કરાયેલું નવું રંગરોગાન મુલાકાતીઓને આકર્ષી રહ્યું છે.

● હોળી કરવા માટે વતન ગયેલા કારીગરોને કારણે શહેરમાં બાંધકામ ઉદ્યોગ હજુ ઠપ્પ છે તથા હોટલ ઉદ્યોગને પણ સ્ટાફની તંગી સતાવી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે રાજયના અંતરિયાળ આદિવાસી વિસ્તારોમાં હોળીના તહેવારનું વિશેષ મહત્વ હોવાથી આ વિસ્તારોમાંથી આવતા કારીગરો હોળી પર્વે લાંબી રજાઓ પર ઉતરી વતન ચાલ્યા જાય છે.

● ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા અપાતો સર્વોચ્ચ એવોર્ડ ‘સાહિત્ય રત્ન’ સુરતના ભગવતીકુમાર શર્માને આપવાનું જાહેર કરાયું છે.

# ગાંધીનગર બહારના વાહન વ્યવહારને બાયપાસ કરવાની જરૂરિયાત

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગરને સંબંધિત ના હોય તેવો વાહન વ્યવહાર ગાંધીનગરના મુખ્ય માર્ગ પરથી પસાર થાય છે. તેને તાકીદે બાયપાસ કરવાની જરૂર છે. સરખેજ હાઈવેથી પ્રાંતિજ હિંમતનગર, માણસા જતો વાહન વ્યવહાર તાત્કાલિક ક-૬, ક-૭થી પીંપળજ, દોલારાણા વાસણા-મજરા તથા માણસા-વિજાપુર બાયપાસ કરવાની જરૂરિયાત છે. જેથી શહેરમાં બીનજરૂરી ટ્રાફિક ઓછો થઈ જશે.

ગાંધીનગરના ગ રોડને પૂર્ણ કરી નર્મદા કેનાલ સુધી રીંગરોડને જોડવો જરૂરી છે તે જ રીતે ઘ રોડને ઝુંડાલ રીંગરોડ સર્કલે જોડી દેવાની જરૂર છે. પરિણામે ટ્રાફિક હળવો બનશે.

ચ ઝીરો નજીક સલામતી માટે પોલીસ ચોકીની નજીક બસ સ્ટેન્ડ બનાવવું જરુરી છે જેથી સલામતી વધારે મળી શકે. એસ.ટી. બસો વિસત-અડાલજ-કોબા સુધી સર્કયુલર બસો ચાલુ કરવી જરૂરી છે.

## ચિરવિદાય

● સ્વ. ઠાકોર શકરીબેન મોહનજી, ઉ.વ. ૮૯